જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૭/૦૭/૨૦૨૫ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૦૩૮/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૮ કેસ કરી, ૩૭ વ્યક્તિઓને ઝડપી, ૯૭ લીટર દેશી દારૂ, ૧૭ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૦૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨૩ બિયર ટીન અને ૦૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૮ કેસ કરી, ૩૦ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૨,૪૪,૨૪૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૦૩૯/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૭૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૬ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૦૪૦/૨૦૨૫**

કાઈમ બ્રાન્ચઃ જિજ્ઞેશ સુનિલકુમાર શાહ (ઉ.વ.૨૬) (રહે. પંચવટી પાર્ક સોસાયટી સ્કેટીંગ ગાર્ડન સામે વિરાટનગર રોડ ઓઢવ) એ તા.૨૬/૦૭/૨૦૨૫ ના રોજ કાઈમ બ્રાન્ચ ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૫/૧૦/૨૦૨૪ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી મહેશભાઇ કનૈયાલાલ પ્રજાપતિ (રહે. ખોડિયાર જ્યોતિ સોસાયટી સરદાર મોલ પાસે નિકોલ રોડ અમદાવાદ, હાલ રહે, દુબઇ) એ જિજ્ઞેશ શાહ તથા જિજ્ઞેશ શાહના મિત્રોને વિશ્વાસમાં લઇ ઓછા ખર્ચમાં યુરોપ તથા કેનેડાના વર્ક વિઝા કરાવી આપવાનું જણાવી તે માટે પ્રથમ ૫૦–૫૦ હજાર રૂપીયા વ્યક્તિ દિઠ એડવાન્સ મેળવી પ્રથમ દુબઇ ખાતે જઇ તેઓની કંપનીમાં છ માસથી એક વર્ષ જેટલો સમય નોકરી કરી જેના પગારના નાણામાંથી વિઝાનો ખર્ચ ટુકડે ટુકડે લઇ યુરોપ તથા કેનેડાના વર્ક વિઝા કરી આપશે તેમજ તેઓના બેંક એકાઉન્ટમાં વધારે રકમનુ ટ્રાન્જેકશન તથા બેલેન્સ બતાવવામાં આવે તો ઝડપી વિઝા મળી જશે તેવી હકિકત જણાવી વિઝાની પ્રોસેસ અર્થે જે બેંક બેલેન્સ કે ટ્રાન્જેકશન બતાવવાનુ થાય તેનો અલગ થી એક ટકો ચાર્જ લઇ તે પણ પોતે કરી આપશે તેવો ભરોસો આપી બેંક બેલેન્સ તથા ટ્રાન્જેકશન બતાવવા સારૂ જિજ્ઞેશ શાહ તથા જિજ્ઞેશ શાહના મિત્રોના બેંક એકાઉન્ટની વિગતો મેળવી આ બેંક એકાઉન્ટો ખોટી રીતે ઠગાઇ કરવાના ઇરાદે ઉપયોગ કરી ફ્રોડથી મેળવેલ નાણાં જિજ્ઞેશ શાહના તથા તેઓની માતાના તથા અન્ય વ્યક્તિઓના બેંક એકાઉન્ટમાં ટ્રાન્સફર કરી તે નાણાં જિજ્ઞેશ શાહ તથા બેંક એકાઉન્ટ ધારકો મારફતે ઉપાડી આર.પી.આંગડીયા બાપુનગર તેમજ તેઓના મિત્ર રીતીક યાદવ ને અપાવી કુલ–૨૭ વ્યક્તિઓના મળી આશરે ૨૦ થી ૨૧ લાખ રૂપીયા મેળવી લઈ યુરોપ અથવા કેનેડાના વર્ક વિઝા નહી અપાવી તેમજ આપેલ રૂપિયા પરત નહી આપી વિશ્વાઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.એમ.પટેલ ચલાવે છે.

સાબરમતીઃ ગોવારામ પ્રાગારામ ચૌધરી (ઉ.વ.૩૪) (રહે. સુવાસ બંગ્લોઝ ન્યુ સી.જી.રોડ ચાંદખેડા) એ તા.૨૬/૦૭/૨૦૨૫ ના રોજ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે ગોવારામ ચૌધરીનાઓ જય અર્બુદા સુપર માર્કેટ દેવભુમી શોપીંગ સેન્ટર ડી-કેબીન સાબરમતી ખાતે દુકાન ધરાવી ધંધો કરતા હોય તા.૦૭/૦૭/૨૦૨૫ ના રોજ ગોવારામ ચૌધરીનાઓની દુકાને બે પુરૂષ આવ્યા હતા અને પોતાની પાસે ૧૨૦ ગ્રામ સોનાની ચેઇન છે જે રૂપિયા ૬,૦૦,૦૦૦/- માં વેચવાની છે. જેથી ગોવારામ ચૌધરી પાસે પૈસા ના હોય પૈસાની સગવડ થાય એટલે વાત કરીશું તેમ જણાવી એકબીજાના મોબાઈલ નંબર આપ-લે કર્યા હતા. ત્યારબાદ તા.૧૫/૦૭/૨૦૨૫ સવારના ૧૦/૦૦ વાગ્યાના સુમારે મોબાઈલ નંબર ૭૬૦૭૭૯૨૭૬૪ ના ધારકે ગોવારામ ચૌધરીના મોબાઈલ નંબર ઉપર ફોન કરી જણાવેલ કે "સોનું જોઈતુ હોય તો પૈસા લઈ વૈષ્ણોદેવી મંદિર પાસે પેટ્રોલપંપ ખાતે આવી જાઓ" તેમ કહેતા ગોવારામ ચૌધરીનાઓ પોતાના ભાઈ સાથે પૈસા લઈ વૈષ્ણોદેવી મંદિર પાસે પેટ્રોલપંપ નજીક ગયા હતા. જ્યાં બન્ને પુરૂષો હાજર હતા અને ગોવારામ ચૌધરીનાઓને સોનાની ચેઈન આપી તેમની પાસેથી રોકડ રૂપિયા ૬,૦૦,૦૦૦/- લઈ જતા રહ્યા હતા. ત્યારબાદ ગોવારામ ચૌધરીએ સોનાની ચેઇનની ખરાઈ કરાવતા ચેઈન સોનાની નહી પણ અન્ય ધાતુની હોવાનું જાણવા મળતા બન્ને પુરૂષો ખોટી સોનાની ચેઇન આપી રૂપિયા ૬,૦૦,૦૦૦/- લઈ જઈ ગોવારામ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ હે.કો.શ્રી રોહીતસિંહ માધુસિંહ ચલાવે છે.

આનંદનગરઃ વિવેક પ્રકાશભાઈ શર્મા (ઉ.વ.૩૯) (રહે.શ્યામ વૃદ એપાર્ટમેન્ટ ધનજય ટાવર પાસે ૧૦૦ ફુટ રોડ આનંદનગર) એ તા.૨૬/૦૭/૨૦૨૫ નારોજ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે વિવેક શર્માએ ઇન્સ્ટ્રાગ્રામ ઉપર ટાટા જોઇન અસ ડીસ્ટ્રીબ્યુટર નામની કંપનીની જાહેરાતમાં પાણીની બોટલ, ફ્રુટ જ્યુશ તથા એર્નજી ડ્રિક્સ જોતા તા.૧૮/૦૬/૨૦૨૫ ના રોજ વિવેક શર્મા નાઓને જાણકારી માટે ઇન્સ્ટ્રાગ્રામ ઉપર આપેલ લીંકમાં પોતાનો મોબાઈલ નંબર, ઈમેલ આઈડી તેમજ શહેરનું નામ મોકલી આપતા બીજા દિવસે મોબાઈલ નંબર ૯૫૧૬૭૯૫૦૮૭ ના ધારકે ટાટા કન્ઝ્યુમર પ્રોડક્ટ લીમીટેડ કંપની તરફથી મેસેજ આવેલ જેમાં દર્શાવેલ હતું કે ટાટા કન્ઝ્યુમર પ્રોડક્ટમાં ડીસ્ટ્રીબ્યુટર તરીકે કામ કરવું હોય તો બાયોડેટા મોકલવાનું જણાવતા વિવેક શર્માએ પોતાનો બાયોડેટા મોકલી આપેલ હતો. ત્યારબાદ પાણીની બોટલ, ફ્રુટ જ્યુશ તથા એર્નજી ડ્રિક્સ ના ફોટા તેમજ એગ્રીમેન્ટ લેટર મોકલી આપેલ, જેથી વિવેક શર્માએ મોબાઈલ નંબર ૯૫૧૬૭૯૫૦૮૭ ના ધારક સાથે સંપર્ક કરતા તેઓએ પોતાનુ નામ આસ્થા જૈન જણાવેલ અને પાણીની બોટલ તથા ફ્રુટ જ્યુશ તથા એર્નજી ડ્રિક્સની સુપર સ્ટોકીસ ડ્રીસ્ટ્રીબ્યુટર તરીકે આપવાનુ જણાવી વિશ્વાસ અને ભરોશો કેળવી ખોટા ઇમેલથી એગ્રીમેન્ટ મોકલી ૫૦% રકમ ૧,૫૧,૧૫૫/- તેઓના ખાતામાં મેળવી લઇ પ્રોડક્સ તથા ડ્રીસ્ટ્રીબ્યુટર નહી આપી ઠગાઇ કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી બી.કે.ભારાઈ ચલાવે છે.

સોનાની ચેઇન ઝુટવી લઈ ગયાઃ- **સમાચાર ચાદી નં.૧૦૪૧/૨૦૨૫**

બોડકદેવઃ પદ્માવતી વા/ઓ રમેશભાઇ કોટા (ઉ.વ.૪૭) (રહે. ટર્કુઝ ગ્રીન્જ એપાર્ટમેન્ટ, વી.આઇ.પી.રોડ શેલા) એ તા.૨૬/૦૭/૨૦૨૫ ના રોજ બોડકદેવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૨/૦૭/૨૦૨૫ બપોરના ૪/૩૦ થી ૪/૪૫ વાગ્યા દરમ્યાન સિંધુભવન રોડ ટાઇમ્સ સ્ક્વેર ગ્રાન્ડ કોમ્પ્લેક્ષ સામેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ પદ્માવતી કોટાના ગળામાંથી સોનાનું મંગળસુત્ર અને સોનાની ચેઇન કિમત રૂપિયા ૯૬,૦૦૦/- ઝુટવી લઈ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ હે.કો.શ્રી સરદારસિંહ શિવુભા ચલાવે છે.

વસ્ત્રાપુરઃ પલ્લવીબહેન વા/ઓ અશોકકુમાર જાની (ઉ.વ.૫૭) (રહે. સ્ટેટસ ટાવર વસ્ત્રાપુર) તા.૨૬/૦૭/૨૦૨૫ સવારના ૬/૫૫ વાગ્યાના સુમારે થલતેજ તુલીપ બંગલા વિભાગ-૦૧ ના ગેટ નજીકથી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ પલ્લવીબહેન જાનીના ગળામાંથી સોનાની ચેઇન પેડલ સહીત કિમત રૂપિયા ૬૫,૦૦૦/- ઝુટવી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ પલ્લવીબહેન જાનીએ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.બી.ગઢવી ચલાવે છે.

કૃષ્ણનગરઃ દયાબહેન વા/ઓ કનુભાઈ પ્રજાપતિ (ઉ.વ.૬૫) (રહે. ગિરધરપાર્ક સોસાયટી ઉમા હોસ્પિટલ સામે નવા નરોડા કૃષ્ણનગર) તા.૨૫/૦૭/૨૦૨૫ સાંજના ૭/૦૦ વાગ્યાના સુમારે આદિશ્વરનગર સત્યમ સ્કૂલની પાછળ જય અંબે ફ્લેટની સામેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક પલ્સર જેવા મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ દયાબહેન પ્રજાપતિના ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૭૫,૦૦૦/– ઝુટવી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ દયાબહેન પ્રજાપતિએ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.જે.ચાવડા ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૧૦૪૨/૨૦૨૫**

માધવપુરાઃ માધવપુરા હિંદી સ્કૂલ સામે અમરપુરા હઠીપુરાની ચાલી ખાતે મામાના ઘરે રહેતી ધર્મિષ્ઠાબહેન ડો/ઓ પ્રહલાદભાઈ સોલંકી (ઉ.વ.૨૬) એ અગમ્ય કારણસર તા.૨૬/૦૭/૨૦૨૫ બપોરના ૧/૩૦ વાગ્યાના સુમારે મામાના ઘરે પંખા સાથે દોરી બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે શ્રી ભારતી વલ્લભ હોસ્પિટલ ખાતે લઈ જતા ફરજ પરના ડોશ્રીએ મૃત જાહેર કરી હતી. આ અંગે માધવપુરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પ્રો.મ.સ.ઈ.શ્રી મુકેશભાઈ માવાભાઈ ચલાવે છે.

બોડકદેવઃ જીન એસ.પી.સથિયા (ઉ.વ.૪૧) (રહે. અસ્મીતા ફ્લેટ, થલતેજ) એ અગમ્ય કારણસર તા.૨૬/૦૭/૨૦૨૫ બપોરના ૨/૦૦ થી ૨/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના રહેણાંક ખાતે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે બોડકદેવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પુ.મ.સ.ઈ.શ્રી રાધિકાબહેન નારણભાઈ ચલાવે છે.

મેઘાણીનગરઃ સાહિલ નરેશભાઇ દવે (ઉ.વ.૨૨) (રહે. તાતાનગર સોસાયટી મેન્ટલ બારી પાસે મેઘાણીનગર) એ અગમ્ય કારણસર તા.૨૫/૦૭/૨૦૨૫ સાંજના ૬/૩૦ વાગ્યાના સુમારે પોતાના રહેણાંક ખાતે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉશ્રી એ મૃત જાહેર કર્યા હતા. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી સૌરભ પ્રવિણકુમાર ચલાવે છે.

નરોડાઃ સાઇની ડો/ઓ ગુંજનભાઇ ક્રિશ્ચયન (ઉ.વ.૧૯) (રહે. શ્યામકુટીર–૨ સ્વપ્નીલ આર્કેડની બાજુમાં હંસપુરા નરોડા) એ અગમ્ય કારણસર તા.૨૬/૦૭/૨૦૨૫ સાંજના ૭/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી પી.જે.જોરા ચલાવે છે.

સરદારનગરઃ રાજુસિંહ સ/ઓ ઉદયપાલસિંહ રાજપૂત (ઉ.વ.૨૪) (રહે. આંગન સોસાયટી પ્રાર્થના સ્કૂલની બાજુમાં નોબલનગર સરદારનગર) એ અગમ્ય કારણસર તા.૨૬/૦૭/૨૦૨૫ કલાક ૦૧/૦૦ થી સવારના ૬/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે લોખંડના કડા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સરદારનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી દિવ્યરાજસિંહ નરેન્દ્રસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી